# ઈન્ડિયાને કર્મભૂમિ બનાવનાર IITGnના ફ્રેન્ચ પ્રોફેસરને પદ્મશ્રી

**મૂળ ફ્રાન્સના અને 2011થી આઈઆઈટી-જીએનમાં ગેસ્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પ્રો.મિચેલ દાનીનોને સાહિત્ય અને એજ્યુકેશનમાં વિશેષ પ્રદાન બદલ પદ્મશ્રીથી સન્માનિત કરાયા**

સિટી રિપોર્ટર @ahm_cb



• રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે એવોર્ડ લેતા પ્રો.મિચેલ દાનીનો.

ભારતમાં રહીને એજ્યુકેશન અને સાહિત્યમાં રિસર્ચ કરનારા મૂળ ફ્રાન્સના અને 2011થી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગરમાં ગેસ્ટ પ્રોફેસર તરીકે ફેજ બજાવતા પ્રોફેસર મિચેલ દાનીનોને 30 માર્ચે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં ભારતના સર્વોચ્ચ એવોર્ડ પૈકીનો એક પદ્મશ્રી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મિચેલ 1977થી ફ્રાન્સ છોડીને ભારતમાં આવીને વસ્યા હતા. તેઓએ 1977થી ઈન્ડિયન લિટેચર અને એજ્યુકેશન પર રિસર્ચ કરી રહ્યા છે. તેમના રિસર્ચના કારણે ઘણા બધા હકારાત્મક પરિવર્તનો આવ્યા છે. મિચેલ 2011થી ભારતની ટોચની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ આઈઆઈટી ગાંધીનગર ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેઓ બહુ સારી રીતે ઈન્ડિયન લેંગ્વેજ અને ગુજરાતી પણ જાણે છે. તેઓ ઈન્ટરનેશનલ ફોરમ ફોર ઈન્ડિયા હેરિટેઝ સાથે જોડાઈને ભારતના હેરિટેઝના સંરક્ષણ અને પ્રમોશન ગ્લોબલ લેવલ પર કરી રહ્યા છે. પદ્મશ્રી સન્માન વિશે મિચેલ દાનીનોએ કહ્યું કે, ‘ મને ગર્વ છે કે ભારતે મારા કામને ભારતના સર્વોચ્ચ કહેવાતા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કર્યું છે. ભારતે પહેલા મને નાગરિત્વ અને ત્યાર બાદ મને પદ્મશ્રી આપીને મારા કામને અને મને બહુમાન આપ્યું છે. જે આવનારા સમયમાં મને પ્રેરણા અને આત્મવિશ્વાસ આપશે. મેં 2011માં આઈઆઈટી ગાંધીનગરમાં ઈન્ડિયન કલ્ચરલ અને સિવિલાઈઝેશન વિષય ભણાવવાનું શરૂ કર્યું હતું.’